# પ્રેસનોટ
## સુરત મહાનગરપાલિકા
## ટ્રાફિક બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ સેલ

સુરત મહાનગરપાલિકા અને Department of Telecommunications વિભાગના સંયુકત ઉપક્રમે, તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ ઓડિટોરીયમ, સાયન્સ સેન્ટર ખાતે ભારત સરકાર ધ્વારા Lanch કરવામાં આવેલ **<u>Call Before u Dig</u> <u>(CBuD) Mobile Application</u>** ના ઉપયોગ માટે જરૂરી માર્ગદર્શન/ટ્રેનીંગ આપવા સારૂ Workshop નું આયોજન કરવામાં આવેલ.

સદરહુ વર્કશોપમાં **<u>Department of Telecommunications (LSA)</u>** ના ડાયરેકટર (રૂરલ-૨) શ્રી અવિનાશ ખત્રી, આસીસ્ટન્ટ ડાયેકટરશ્રી ગણપત પટેલ અને કન્સલ્ટન્ટશ્રી કમલ પવાર તથા સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેર (ટ્રાફિક સેલ) અને ROW પોર્ટલ ના નોડલ ઓફિસરશ્રી હાજર રહેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા જુદા-જુદા પ્રકારની કામગીરીઓ જેવી કે, રોડ બનાવવા, ડ્રેનેજ લાઇન નાખવી, બિલ્ડીંગના બાંધકામ માટે, વરસાદી ગટર નાંખવા, તથા અન્ય ભુગર્ભ ઉપયોગીતાઓ પુરી પાડવી વિગેરે કામગીરી માટે મુળભુત રીતે ખોદાણની પ્રવૃતિ સાથે સંકળાયેલા ટેકનીકલ કેડરનાં કુલ-૨૬૫(બસો પાસઠ) કર્મચારીઓ/અધિકારીઓને Call Before u Dig (CBuD) App મારફત એક પ્લેટફોર્મ પર એકત્રીત કરી, ભુગર્ભ ની હયાત યુટીલીટીઝને નુકશાન થતા અટકાવી શકાય તે હેતુથી **CBuD App** નો મહત્તમ ઉપયોગ કરવા બાબતે Department of Telecommunications ના અધિકારીશ્રીઓ ધ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

તદ્ઉપરાંત, Department of Telecommunications ના અધિકારીશ્રી ધ્વારા**<u>(૧) ટેલિકોમ રાઇટ ઓફ વે (RoW) નિયમો</u>**, **<u>૨૦૨૪ ની પ્રાથમિક જાણકારી બાબતે (૨)Sanchar Saathi Mobile App</u>** ધ્વારા સાયબર છેતરપીંડી રક્ષણ અને સલામત Digital ચકાસણીને પ્રોત્સાહન આપવા બાબતે તથા (૩) **<u>Mobile Tower</u>** <u>મારફત ઉત્સર્જિત થતા</u> **<u>Electromagnetic Field</u>** સંબંધિત સામાન્ય ગેરસમજ દુર કરવા બાબતે માહિતગાર કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકાતરફથી સાદર સમાચાર યાદી નં તા.૫૭૭, તા.૧૩/૦૨/૨૦૨૬




